## આમિર ખાન 61 વર્ષની ઉંમરે ગૌરી સ્પાર્ટ સાથે કરશે લગ્ન, સલમાન-શાહરૂખ રહી શકે છે હાજર



બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાન (61) આગામી 5 જુલાઈએ તેમની પાર્ટનર ગૌરી સ્પાર્ટ (47) સાથે લગ્નગ્રંથિથી જોડાશે. તેમના મુંબઈ સ્થિત નિવાસ્થાને એક ખાનગી સમારોહમાં બંને રજિસ્ટર્ડ મેરેજ કરશે. આ લગ્નમાં માત્ર પરિવાર અને નજીકના મિત્રો જ હાજર રહેશે. ચર્ચા છે કે આમિરના ખાસ મિત્ર એવા શાહરૂખ ખાન અને સલમાન ખાન પણ આ પ્રસંગે હાજરી આપી શકે છે. ગૌરી સ્પાર્ટ અગાઉ આમિર ખાન પ્રોડક્શન્સ સાથે જોડાયેલા હતા અને બ્રિટિશ મૂળના સ્વાતંત્ર્ય સેનાની ફિલિપ સ્પાર્ટના પૌત્રી છે. આમિરે ગયા વર્ષે મીડિયા સામે ગૌરી સાથેના પોતાના સંબંધોનો સ્વીકાર કર્યો હતો.

## રણવીર સિંહ સામેનું અસહકાર આંદોલન FWICEએ પાછું ખેંચ્યું

પીટીઆઈ, મુંબઈ, 03 જૂન:
બોલિવૂડ એક્ટર રણવીર સિંહ અને ફિલ્મ પ્રોડ્યુસર્સ વચ્ચે ફિલ્મ 'ડોન 3'ને લઈને ચાલી રહેલા વિવાદમાં મોટો વળાંક આવ્યો છે. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (FWICE)એ બુધવારે રણવીર સિંહ સામે જાહેર કરેલું 'અસહકારનું ફરમાન' તાત્કાલિક અસરથી પાછું ખેંચી લીધું છે. રણવીર સિંહ તરફથી ફેડરેશનને મોકલવામાં આવેલી કાનૂની નોટિસ બાદ આ નિર્ણય લેવાયો છે. આ વિવાદને થાળે પાડવા માટે ઇન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન (IMPPA), પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઇન્ડિયા (PGI) અને CINTAA જેવી ઇન્ડસ્ટ્રીની ટોચની સંસ્થાઓએ વચગાળાનો રસ્તો કાઢવા હસ્તક્ષેપ કર્યો હતો. ફેડરેશનના મુખ્ય સલાહકાર અશોક પંડિતે સ્પષ્ટતા કરી હતી કે, "અમે ન્યાયતંત્ર નથી એટલે રણવીર પર કોઈ 'બેન' (પ્રતિબંધ) નહોતો મૂક્યો. અમે માત્ર અસહકારની વાત કરી હતી.

**શું હતો સમગ્ર વિવાદ?**
ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીની આગામી ફિલ્મ 'ડોન 3' માંથી રણવીર સિંહ બહાર નીકળી જતાં નિર્માતાઓએ ડિરેક્ટર્સ એસોસિએશનમાં ફરિયાદ કરી હતી. નિર્માતાઓનો દાવો છે કે ફિલ્મની પ્રી-પ્રોડક્શન કામગીરી પાછળ □૪૫ કરોડથી વધુનો ખર્ચ થઈ ચૂક્યો છે. આ ફરિયાદ બાદ ૨૫ મેના રોજ FWICE એ રણવીર સામે અસહકારનું વલણ અપનાવવાની જાહેરાત કરી હતી, જેનો અર્થ એ થાય કે ફેડરેશનના સભ્યો (ટેકનિશિયનો, સ્પોટ બોય વગેરે) કલાકાર સાથે કામ ન કરે.

## મંદિરમાં શોર્ટ્સ અને સેન્ડો પહેરીને પહોંચ્યો વરુણ ધવન



મુંબઈ, તા. 3 : બોલિવૂડ એક્ટર વરુણ ધવન મુંબઈના એક મંદિરમાં શોર્ટ્સ અને સેન્ડો બનિયાન પહેરેલો જોવા મળ્યો હતો. વરુણ પોતાની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ની રિલીઝ પહેલાં મંદિરમાં આશીર્વાદ લેવા પહોંચ્યો હતો, પરંતુ હવે તે પોતાના આ પહેરવેશના કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યો છે. મંદિર પરિસરમાંથી બહાર નીકળતી વખતે વરુણના કપાળ પર તિલક લગાવેલું હતું અને તેણે પેપરાજીને જોઈને સ્મિત સાથે પોઝ પણ આપ્યા હતા. જોકે, તેમનો આ પહેરવેશ ઘણા લોકોને પસંદ આવ્યો નહીં અને લોકોએ મંદિરની મર્યાદાનું ધ્યાન રાખવાની સલાહ આપી. વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા યુઝર્સે વરુણના લુક પર તીખી પ્રતિક્રિયા આપી છે. એક યુઝરે લખ્યું, "ઓછામાં ઓછું મંદિર માટે તો સરખાં કપડાં પહેરી લેત."

**ટીએમસીના ૨૮ વર્ષના ઇતિહાસમાં સૌથી મોટો બળવો**

# બંગાળમાં શિવસેના-NCP જેવી સ્થિતિ: TMCમાં ભંગાણ

**૫૮** બળવાખોર ધારાસભ્યોએ રીતબ્રત બેનર્જીને નેતા ચૂંટ્યા, 'અસલી ટીએમસી'નો દાવો

**મમતા** કેમ્પે પક્ષની બધી સમિતિઓ ભંગ કરી

**બળવાખોરોએ** કહ્યું મમતા બેનર્જી પક્ષના અધ્યક્ષ પણ તેમના ભત્રીજા અભિષેક સ્વીકાર નથી

**સ્પીકરે** જૂથના દાવાને સત્તાવાર રીતે સ્વીકારી લીધો છે

**ડાબેરી** પક્ષોએ કહ્યું ઈતિહાસનું ચક્ર આજે પૂરું થયું



કોલકાતા, તા. 3 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ હવે તૃણમૂલ કોંગ્રેસ (TMC) અંદરનો આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. બુધવારે પક્ષના 58 બળવાખોર ધારાસભ્યોએ તૃણમૂલમાંથી હાંકી કઢાયેલા નેતા રીતબ્રત બેનર્જીને વિધાનસભાદળના નેતા તરીકે ચૂંટી કાઢ્યા છે અને આ અંગેનો સત્તાવાર પત્ર વિધાનસભા સ્પીકર રથિન્દ્ર બોઝને સોંપી દીધો છે.

આ આકરા પ્રહારના જવાબમાં મમતા બેનર્જીના જૂથે બંગાળમાં પક્ષની તમામ સંગઠનાત્મક સમિતિઓ અને મોરચાઓને તાત્કાલિક અસરથી ભંગ કરવાની જાહેરાત કરી દીધી છે. ટીએમસીના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો આંતરિક પડકાર માનવામાં આવી રહ્યો છે.

રાજકીય નિષ્ણાતો આ આખી ઘટનાને મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે દ્વારા શિવસેનામાં અને અજીત પવાર દ્વારા એનસીપીમાં કરાયેલા બળવા સમાન 'મહારાષ્ટ્ર મોડલ' તરીકે જોઈ રહ્યા છે. વિધાનસભા સ્પીકર રથિન્દ્ર બોઝે બળવાખોર જૂથના દાવાને સત્તાવાર રીતે સ્વીકારી લીધો છે, જેની પુષ્ટિ ખુદ રીતબ્રત બેનર્જીએ કરી છે. આ સાથે જ 1998માં મમતા બેનર્જી દ્વારા સ્થપાયેલી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના 28 વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ વખત પક્ષના ભાગલા પડ્યા છે. બળવાખોરોએ દાવો કર્યો છે કે ટીએમસીના સિમ્બોલ પર જીતેલા 58 ધારાસભ્યો તેમની સાથે હોવાથી હવે વિધાનસભામાં તેઓ જ 'અસલી ટીએમસી' છે. બળવાખોર જૂથે જે નવું માળખું જાહેર કર્યું છે આ ઉપરાંત, બળવાખોરોએ મમતા બેનર્જીના પદને નબળું પાડવા માટે એક નવી ચાલ ચાલતા તેમને વિધાનસભાદળના મુખ્ય સલાહકાર બનવા માટે જાહેરમાં અપીલ કરી છે.

બીજી બાજુ મમતા બેનર્જીના જૂથે સ્પીકર સમક્ષ કરાયેલા આ દાવાની કાયદેસરતા સામે સવાલો ઉઠાવ્યા છે. મમતા કેમ્પનો આક્ષેપ છે કે બળવાખોરોએ સ્પીકરને આપેલો પત્ર પક્ષના સત્તાવાર લેટરહેડ પર નહીં, પરંતુ સામાન્ય સાદા કાગળ પર આપ્યો છે. નિયમ મુજબ માત્ર પક્ષના અધ્યક્ષ કે રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી જ આવા નિર્ણયો સ્પીકરને જણાવી શકે છે.

ખાસ વાત એ છે કે, બળવાખોર ધારાસભ્યોએ મમતા બેનર્જીની સર્વોપરિતાને પડકારી નથી. તેમણે સ્પીકરને આપેલા પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે તેઓ મમતા બેનર્જીને પક્ષના અધ્યક્ષ તરીકે સ્વીકારે છે, પરંતુ પક્ષના નિર્ણયોમાં તેમના ભત્રીજા અભિષેક બેનર્જીની દખલગીરી અને સત્તા તેમને બિલકુલ મંજૂર નથી.

### 80માંથી 58: પક્ષાંતર વિરોધી કાયદાથી બચવા ૨/૩ બહુમતી

રીતબ્રત બેનર્જી અને અન્ય એક હાંકી કઢાયેલા ધારાસભ્ય સંદીપન સાહાની આગેવાની હેઠળ બળવાખોરોએ ૫૮ ધારાસભ્યોના સમર્થનનો પત્ર સ્પીકરને સોંપ્યો હતો. પક્ષાંતર વિરોધી કાયદા હેઠળ અયોગ્ય ઠરવાથી બચવા માટે જરૂરી બે-તૃતીયાંશ (૨/૩)ની બહુમતીનો આંકડો બળવાખોરોએ સરળતાથી પાર કરી લીધો છે. રીતબ્રત બેનર્જીએ પત્રકારોને જણાવ્યું કે, "અમે જ હવે વિધાનસભામાં અસલી ટીએમસી છીએ કારણ કે પક્ષના સિમ્બોલ પર જીતેલા મોટાભાગના ધારાસભ્યો અમારી સાથે છે." આ નવા જૂથે અખરુજ્જમાનને મુખ્ય વ્હીપ અને જાવેદ અહેમદ ખાન, સમર મુખોપાધ્યાય, અરૂપ રોય અને પ્રસુન બેનર્જી જેવા વરિષ્ઠ નેતાઓને ડેપ્યુટી લીડર જાહેર કર્યા છે.

# કુવૈત એરપોર્ટ પર ઈરાનનો ડ્રોન હુમલો: 1 ભારતીયનું મોત

**હુમલામાં** 60થી વધુ ઈજાગ્રસ્ત થયા

**ભારતે** આકરા શબ્દોમાં આ હુમલાની ટીકા કરી, તમામ પક્ષોને તાત્કાલિક હિંસા રોકવા અપીલ કરી



દુબઈ, તા. 3 (પીટીઆઈ): અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની વચ્ચે બુધવારે કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટના પેસેન્જર ટર્મિનલ પર ઈરાન દ્વારા શ્રેણીબદ્ધ આત્મઘાતી ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે. કુવૈત આર્મી અને આંતરિક મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હુમલામાં 1 ભારતીય પ્રવાસીનું મોત થયું છે અને એરપોર્ટના કર્મચારીઓ સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા ડો. અબ્દુલ્લા અલ-સુંદે જણાવ્યું કે 7 હોસ્પિટલોમાં અત્યાર સુધીમાં 63 ઈજાગ્રસ્તોને દાખલ કરાયા છે, જેમાંથી 7 લોકોની તાત્કાલિક સર્જરી કરવી પડી છે. હુમલાના કારણે એરપોર્ટની માળખાગત સુવિધાઓને ભારે નુકસાન થતાં કુવૈતે આગામી આદેશ સુધી તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરીને રૂટ ડાયવર્ટ કર્યા છે.

નવી દિલ્હીમાં ભારતીય વિદેશ મંત્રાલયે આ હુમલાની આકરા શબ્દોમાં ટીકા કરી છે અને પશ્ચિમ એશિયાના તમામ પક્ષોને તાત્કાલિક હિંસા રોકવા અપીલ કરી છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે નાગરિક વસ્તી અને એરપોર્ટ જેવા સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવા જોઈએ નહીં. કુવૈતમાં આવેલું ભારતીય દૂતાવાસ સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે અને મૃતકના પરિવાર તેમજ ઈજાગ્રસ્તોને તમામ શક્ય મદદ પૂરી પાડી રહ્યું છે. સમગ્ર ક્ષેત્રમાં ભારતીય મિશનોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈરાન સંઘર્ષ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ઓમાન, યુએઈ (યુએઈ) અને સાઉદી અરેબિયા સહિતના વિસ્તારોમાં થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા 10 ભારતીય નાગરિકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે.

### ટ્રમ્પે નેતન્યાહુને 'ગાંડા' કહ્યાનું કબૂલ્યું

**લેબનોનમાં** હિઝબુલ્લાહ સામેના યુદ્ધથી અમેરિકી પ્રમુખ નારાજ, હોર્મુઝ સપ્ટેમ્બર સુધી બંધ રહેવાની આશંકા

એપી, બેરૂત, 03 જૂન: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વીકાર્યું છે કે તેમણે તાજેતરમાં જ ફોન પર ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને 'ક્રેઝી' (ગાંડા) કહ્યા હતા. એક ઇન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું કે, લેબનોનમાં હિઝબુલ્લાહ સામે ઇઝરાયેલ જે રીતે યુદ્ધ લડી રહ્યું છે તેનાથી તેઓ નારાજ છે, કારણ કે આ યુદ્ધના લીધે અમેરિકાની ઇરાન સાથેની શાંતિ વાટાઘાટો ખોરવાઈ રહી છે. જોકે, તેમણે ઉમેર્યું કે નેતન્યાહુ સાથે તેમના સંબંધો મજબૂત છે કારણ કે બંને 'યુદ્ધના સમયના' નેતાઓ છે. અમેરિકામાં આગામી મિડટર્મ ચૂંટણીઓ આવી રહી છે ત્યારે મોંઘા ઈંધણ અને આર્થિક અનિશ્ચિતતાના કારણે ટ્રમ્પ પર આ યુદ્ધનો વહેલો ઉકેલ લાવવાનું ભારે દબાણ છે.

**ઇરાન પરમાણુ હથિયાર નહીં બનાવવા સહમત**

## હું ટૂંક સમયમાં નવા આયાતુલ્લાને મળીશ: ટ્રમ્પ

**અમેરિકી** પ્રમુખનો દાવો: ગલ્ફ દેશોમાં નવેસરથી મિસાઇલ હુમલા અને તણાવ વચ્ચે પણ શાંતિ વાટાઘાટો ચાલુ

વૉશિંગ્ટન, તા. 03 : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે એક ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો છે કે ઇરાન પરમાણુ હથિયાર ન રાખવા માટે સહમત થઈ ગયું છે. આ સાથે જ તેમણે સંકેત આપ્યો છે કે તેઓ ટૂંક સમયમાં જ ઈરાનના નવા સર્વોચ્ચ નેતા (આયાતુલ્લા) સાથે મુલાકાત કરી શકે છે.

ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાનની સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે અને બંને દેશો વચ્ચે શાંતિ વાટાઘાટો ચાલી રહી છે, જોકે ઈરાન ગમે ત્યારે પોતાનો નિર્ણય બદલી પણ શકે છે. આ દરમિયાન ટ્રમ્પે ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુ સાથે લેબનોન વિવાદ અંગે આકરા શબ્દોની આપ-લે થઈ હોવાનો પણ સ્વીકાર કર્યો હતો.

## સીબીએસઈ રી-ચેકિંગ પોર્ટલ પર ૪૩,૯૮૦ અરજીઓ

નવી દિલ્હી, તા. ૩ (PTI): સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ જણાવ્યું હતું કે, બોર્ડની પરીક્ષાઓ માટે આશરે 44,000 વિદ્યાર્થીઓએ વેરિફિકેશન અને પુનઃમૂલ્યાંકન સુવિધાનો લાભ લીધો છે અને બુધવાર સવાર સુધીમાં અરજી પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. સીબીએસઈએ બુધવારે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ઓનલાઇન પોર્ટલ પર આજે બપોરે 12 વાગ્યા સુધીમાં ઉત્તરવહીઓની ચકાસણી અને પુનઃમૂલ્યાંકન માટે કુલ 43,980 અરજીઓ મળી છે.

## જાપાનમાં 'જાંગમી' વાવાઝોડાનો હાહાકાર



**સેંકડો** ફ્લાઇટ્સ રદ, ટ્રેન વ્યવહાર ઠપ અને ૫,૦૦૦થી વધુ ઘરોમાં વીજળી ગુલ; નદી કિનારાના લોકોને હાઇ-એલર્ટ

ટોક્યો, તા. ૩ (એપી) એક ઉષ્ણકટિબંધીય વાવાઝોડા બાદ પૂર્વ-મધ્ય જાપાનની આસપાસ ભારે વરસાદ વરસાવ્યો છે અને પૂરનું જોખમ વધાર્યું છે. કારણ કે, તે બુધવારે ગીચ વસ્તી ધરાવતા ટોક્યો ક્ષેત્રમાં આગળ વધ્યું હતું.

ભારે વરસાદને કારણે શહેરમાં માર્ગ વાહનવ્યવહાર પહેલેથી જ ખોરવાઈ ગયો હતો, સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને ટ્રેન સેવાઓ સ્થગિત અથવા વિલંબિત થઈ હતી. પાટનગર ક્ષેત્રમાં વીજ પુરવઠો પૂરો પાડતી ટોક્યો ઈલેક્ટ્રિક પાવર કંપની હોલ્ડિંગ્સના જણાવ્યા અનુસાર, ૫,૦૦૦થી વધુ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

ટોક્યોના મધ્ય વિસ્તારમાં ઝેનપુકુજી નદીની નજીકના રહેવાસીઓને સુરક્ષિત આશ્રય લેવાની સલાહ આપવામાં આવી હતી.

જાપાન મીટીરોલોજીકલ એજન્સી (જેએમએ)એ જણાવ્યું હતું કે, ઉષ્ણકટિબંધીય વાવાઝોડું 'જાંગમી' શિમા શહેરની પૂર્વમાં હતું અને મધ્ય-પૂર્વ તરફ આગળ વધી રહ્યું હતું. જેની મહત્તમ પવનની ગતિ ૯૦ કિમી પ્રતિ કલાક (૫૫ માઈલ પ્રતિ કલાક)ની હતી.

એજન્સીએ મધ્ય અને પૂર્વ જાપાનના કેટલાક વિસ્તારોમાં સર્વોચ્ચ સ્તરની પૂરની ચેતવણી જાહેર કરી છે અને નદીઓની આસપાસ તથા સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષા માટે ઊંચા સ્થળોએ જવા વિનંતી કરી છે.



## બ્રિટનમાં સગીરની હત્યાના કેસ બાદ હિંસક રમખાણો

**શીખ** યુવકને આજીવન કેદની સજા બાદ પોલીસ પર પથ્થરમારો, ૧૧ અધિકારીઓ ઘાયલ

લંડન, તા. ૩ (પીટીઆઈ) એક બ્રિટિશ શીખ વ્યક્તિને સગીરની હત્યા માટે દોષિત ઠેરવવામાં આવ્યા બાદ યુકેમાં પોલીસને નિશાન બનાવીને હિંસક અથડામણો થઈ હતી. આ વિરોધ પ્રદર્શનો ત્યારે શરૂ થયા જ્યારે શરીર પર પહેરેલા કેમેરાના ફૂટેજમાં અધિકારીઓ પીડિતને તેની અંતિમ ક્ષણોમાં જાતિવાદના આરોપસર હથકડી લગાવતા જોવા મળ્યા હતા.

હેમ્પશાયર અને આઈલ ઓફ વાઈટ કોન્સ્ટેબ્યુલરીના અધિકારીઓ રમખાણ સુરક્ષા સાધનો સાથે ૧૮ વર્ષીય હેનરી નોવાકની છરી મારીને હત્યા કરવા બદલ આજીવન કેદની સજા ભોગવી રહેલા વિક્રમ દિગ્વાના ઘર નજીક ગોઠવાઈ જતાં મંગળવારે સાંજે સાઉથમ્પ્ટનમાં મોટી સંખ્યામાં ભીડ ઊમટી પડી હતી. પ્રદર્શનકારીઓ દ્વારા પોલીસ પર ઈંટો અને બોટલો ફેંકવામાં આવી હતી. કારણ કે, પ્રદર્શનકારીઓએ ઈમિગ્રેશન વિરોધી કાર્યકરોને સાંભળ્યા હતા, જેમણે કથિત 'ટૂ-ટાયર પોલીસિંગ' એટલે કે એક સમુદાયને બીજા સમુદાય પર પ્રાથમિકતા આપવાની નિંદા કરી હતી.

**મુસાફરોને ભાડા વધારામાંથી મુક્તિ**

## એરલાઈન્સને રાહત આપવા ૧૦,૦૦૦ કરોડના ફંડને મંજૂરી

**સરકારે** ઘરેલું એરલાઇન્સ માટે એટીએફનો ભાવ રૂ. 75.6 પ્રતિ લીટર પર મર્યાદિત કર્યો

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): કેન્દ્રીય કેબિનેટે બુધવારે પશ્ચિમ એશિયા સંકટના કારણે આકાશ આંબી રહેલા વિમાન ઈંધણ (ATF)ના ભાવો સામે એરલાઈન્સને રાહત આપવા માટે રૂ. 10,000 કરોડના પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન પ્રોગ્રામને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ સરકાર સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી)ને રૂ. 10,000 કરોડની વ્યાજમુક્ત એડવાન્સ રકમ આપશે, જેથી તેઓ ભારતીય એરલાઈન્સને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કામગીરી માટે સ્થિર ભાવે એટીએફ સપ્લાય કરી શકે. વૈશ્વિક કટોકટી અને પાકિસ્તાન દ્વારા ભારતીય એરલાઈન્સ માટે એરસ્પેસ બંધ થવાના કારણે માર્ચ મહિનામાં એટીએફનો ભાવ જે રૂ. 60.50 પ્રતિ લીટર હતો તે મે મહિનામાં વધીને રૂ. 142 પ્રતિ લીટર થઈ ગયો છે.

આ નિર્ણયની જાહેરાત કરતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, એરલાઈન્સના ઓપરેટિંગ ખર્ચમાં ઈંધણનો હિસ્સો 40 ટકાથી 60 ટકા જેટલો હોય છે. આ ફંડના કારણે વૈશ્વિક તેલના ભાવવધારા છતાં વિમાની મુસાફરોને ટિકિટના ભાડામાં થતા તોતિંગ વધારાથી બચાવી શકાશે અને એવિએશન સેક્ટર પર નિર્ભર 77 લાખ નોકરીઓ સુરક્ષિત રહેશે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે ઘરેલું એરલાઈન્સ માટે એટીએફનો ભાવ રૂ. 75.6 પ્રતિ લીટર પર મર્યાદિત કરી દીધો છે. આ કિંમત વર્તમાન બજાર કિંમત કરતાં ઘણી ઓછી છે. આ મર્યાદાના કારણે ઓઈલ કંપનીઓને જે નુકસાન થશે તેની ભરપાઈ આ સ્ટેબિલાઈઝેશન ફંડમાંથી કરવામાં આવશે.

**મુસાફરોને ભાડાના વધારામાંથી મળશે મુક્તિ, ૭૭ લાખ નોકરીઓ સુરક્ષિત રહેશે**

મંત્રી વૈષ્ણવે ઉમેર્યું કે, વિમાન કંપનીઓના કુલ ઓપરેટિંગ ખર્ચમાં ફ્યુઅલનો હિસ્સો ૪૦ થી ૬૦ ટકા જેટલો હોય છે. આ ફંડને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ વધવા છતાં એરલાઈન્સને સ્થિર ભાવે ઈંધણ મળશે, જેનાથી સામાન્ય મુસાફરો પર હવાઈ ભાડાના વધારાનો બોજ નહીં પડે. આ સિવાય એવિએશન સેક્ટર અને પ્રવાસન ઉદ્યોગ સાથે જોડાયેલી આશરે ૭૭ લાખ નોકરીઓને આર્થિક કટોકટીમાંથી બચાવી શકાશે.

**૩ વર્ષ માટે લાગુ રહેશે આ મિકેનિઝમ: રિકવરીની શરત**

આ સરકારી સહાય આગામી ૩૬ મહિના (૩ વર્ષ) માટે અથવા તો એડવાન્સ આપવામાં આવેલી પૂરેપૂરી રકમ પરત ન મળી જાય ત્યાં સુધી લાગુ રહેશે.

**રિકવરી ફોર્મ્યુલા:** જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ ઘટશે અને સ્થિતિ સામાન્ય થશે, ત્યારે ઓઈલ કંપનીઓ (OMCs) એરલાઈન્સ પાસેથી તફાવતની રકમ વસૂલશે અને આ ફંડની પૂરેપૂરી રકમ 'કન્સોલિડેટેડ ફંડ ઓફ ઈન્ડિયા' (ભારતના સંચિત ભંડોળ)માં જમા કરાવશે.

**શરત:** આ યોજનાનો લાભ લેવા માટે એરલાઈન્સે માત્ર સરકારી ઓઈલ કંપનીઓ પાસેથી જ ફરજિયાત ઈંધણ ખરીદવું પડશે. તેની દેખરેખ માટે સિવિલ એવિએશન અને પેટ્રોલિયમ મંત્રાલયની એક ખાસ કમિટી બનાવવામાં આવી છે.

## હત્યાના ૪ મહિના બાદ ખામેનેઈની અંતિમયાત્રા નીકળશે

**ઇમામ** રેઝા દરગાહ પાસે 21મી આસપાસ થશે દફનવિધિ



તહેરાન, તા. 03: ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈની હત્યાના લગભગ ચાર મહિના બાદ આગામી ૨૧ જૂનની આસપાસ તેમની અંતિમયાત્રા કાઢવામાં આવશે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત હવાઈ હુમલામાં તેહરાન સ્થિત તેમનું નિવાસસ્થાન કાટમાળ બની ગયું હતું, જેમાં ૮૬ વર્ષીય ખામેનેઈ અને તેમના પરિવારના સભ્યો માર્યા ગયા હતા. ઈસ્લામિક પરંપરાથી વિપરીત, યુદ્ધની સ્થિતિ અને લાખોની ભીડના વ્યવસ્થાપનને કારણે તેમની દફનવિધિમાં ૪ મહિનાનો વિલંબ થયો છે.

ઈરાની સત્તાવાળાઓ અને રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC)ના જણાવ્યા અનુસાર, તેહરાન, કોમ અને મશહાદમાં યોજાનારા આ કાર્યક્રમોમાં આશરે ૨ કરોડથી વધુ લોકો સામેલ થાય તેવી શક્યતા છે. આ ભીડ ૧૯૮૯માં ઈરાનના સ્થાપક આયાતુલ્લા ખોમેનીની અંતિમયાત્રા (૧ કરોડ લોકો) કરતાં પણ મોટી હોઈ શકે છે. ભૂતકાળની જેમ નાસભાગ ન થાય તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરાઈ છે.

**H-1B વિઝાના ફાસ્ટ ટ્રેક પ્રોસેસિંગ માટે લાઈન લાગી**

## H-1B વિઝા માટે ૨ લાખથી વધુ અરજદારોએ ચૂકવી રૂ. ૮૩ લાખની તોતિંગ પ્રીમિયમ ફી

**2.86 લાખ** વિઝા અરજદારો પૈકી મોટાભાગના લોકોએ ઝડપી વિઝા મેળવવા માટે આટલી મોટી રકમ ચૂકવી

**ડોક્ટર** અને શિક્ષકોને છુટ આપવા સેનેટરોએ વિનંતી કરી

વોશિંગ્ટન, તા. 3 (પીટીઆઈ): નાણાકીય વર્ષ 2026માં અમેરિકામાં કામ કરવા માટે 2 લાખથી વધુ અરજદારોએ ઝડપી વિઝા પ્રક્રિયા અંતર્ગત 1,00,000 ડોલર (આશરે 83 લાખ રૂપિયા)ની તોતિંગ ફી ચૂકવી હોવાનો ખુલાસો થયો છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ)ના સેક્રેટરી માર્કવેન મુલિને મંગળવારે સેનેટ એપ્રોપ્રિએશન્સ સબકમિટી સમક્ષ સાક્ષી આપતા આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ 2.86 લાખ H-1B વિઝાની અરજીઓ મળી છે, જેમાંથી મોટાભાગના લોકોએ ઝડપી વિઝા મેળવવા માટે આટલી મોટી રકમ ચૂકવી છે.

સેક્રેટરી મુલિને સેનેટર સુસાન કોલિન્સના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે, જે અરજદારો 100,000 ડોલર ચૂકવે છે તેમની પેપર પ્રક્રિયા માત્ર 15 દિવસમાં પૂર્ણ થઈ જાય છે, જ્યારે સામાન્ય રીતે અન્ય અરજીઓની પ્રક્રિયા પૂર્ણ થવામાં આશરે 7.5 મહિના જેટલો લાંબો સમય લાગે છે. આ વાતચીત દરમિયાન સેનેટર કોલિન્સે દેશના ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની ભારે અછતનો મુદ્દો ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે ઉત્તરી મેઈનના એક ગ્રામીણ હોસ્પિટલને એક વિદેશી સર્જન નિયુક્ત કરવા માટે તાજેતરમાં જ આટલી મોટી ફી ચૂકવવી પડી હતી.

## અમેરિકામાં ગુંજશે ભારતની આઝાદીનો ડંકો

**૧૫** ઓગસ્ટને ભારતીય આઝાદી દિન તરીકે માન્યતા આપવા ન્યૂયોર્ક સેનેટમાં ઠરાવ પસાર

**સભ્યોએ** ગાંધીજીના વારસાને નમન કર્યા; કહ્યું- 'ભારત અમેરિકા કરતાં પણ જૂની લોકશાહીનો આદર્શ'

ન્યૂયોર્ક, તા. 3: ન્યૂયોર્ક સ્ટેટ સેનેટે એક પ્રસ્તાવ પસાર કરીને ગવર્નર કેથી હોચુલને રાજ્યમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના દિવસને ભારતીય સ્વતંત્રતા દિવસ તરીકે જાહેર કરવા વિનંતી કરી છે, જેમાં ધારાશાસ્ત્રીઓએ મહાત્મા ગાંધીના વારસાને યાદ કર્યો હતો અને અમેરિકામાં ભારતીય-અમેરિકન સમુદાયના યોગદાનની પ્રશંસા કરી હતી.

સેનેટર જેરેમી કુની દ્વારા રજૂ કરવામાં આવેલા આ પ્રસ્તાવમાં નોંધવામાં આવ્યું છે કે, ન્યૂયોર્કના નાગરિકોના સાંસ્કૃતિક વારસા માટે મહત્ત્વપૂર્ણ હોય તેવા સત્તાવાર દિવસોને માન્યતા આપવી એ રાજ્યની ધારાસભાની પરંપરા રહી છે.

પ્રસ્તાવમાં રેખાંકિત કરવામાં આવ્યું છે કે, "ભારતની આઝાદી સમગ્ર વિશ્વના લોકો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે; તે મજબૂત નાગરિક, રાજકીય અને આર્થિક અધિકારો તેમજ આત્મનિર્ણય પ્રાપ્ત કરવા માટેના ૯૦ વર્ષના સંઘર્ષના અંતને ચિહ્નિત કરે છે." આ પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન, કેટલાક રાજ્ય સેનેટરોએ ભારતની સભ્યતાના વારસા, લોકતાંત્રિક પરંપરાઓ, ગાંધીજીના શાંતિના શાશ્વત સંદેશ અને ન્યૂયોર્ક તેમ જ સમગ્ર અમેરિકામાં ભારતીય-અમેરિકન સમુદાયના વધી રહેલા યોગદાનની પ્રશંસા કરી હતી.